## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી  સાઈ સર્વમતસમ્મતાય નમ: || (૯૫)

## સર્વ ધર્મનો સ્વીકાર કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન બાબા કહે છે –

એક જ જાત છે – માનવ જાત. એક જ ધર્મ છે - પ્રેમ ધર્મ.

એક જ ભાષા છે –   હ્રદયની ભાષા. એક જ પરમેશ્વર છે-અને તે સર્વવ્યાપી છે.

ભગવાન બાબા કહે છે " ભાષા, ધર્મ, જાત અને દેશ પર આધારિત મતભેદોને સ્થાન ન આપો. બધા પરમેશ્વરના બાળકો છે એવી ભાવના જાગૃત કરો. પરમેશ્વર એક જ છે એવો વિચાર સતત મનમાં રાખો.'

સર્વ ધર્મનો સ્વીકાર કરવાવાળા સ્વામીએ સત્યસાઈ સંગઠનના પ્રતીક ચિહ્ન પર સર્વધર્મના પ્રતીકોને સ્થાન આપ્યું છે.  'પ્રશાંતિનિલયમ' નો સર્વધર્મ ઐક્ય સ્તંભ આની ખાતરી આપે છે. આ સ્તંભનું નિર્માણ ક્યારે અને કેવી રીતે થયું ખબર છે?

૨૩ નવેમ્બર ૧૯૭૫ આ ભગવાન બાબાનો ૫૦ મો જન્મદિન. આ જ દિવસે ૫૦ વર્ષ પૂર્વે પરમેશ્વરે વિશ્વના બધા લોકો પર કૃપા કરવા માટે પૃથ્વી પર જન્મ લીધો. આની યાદગીરી તરીકે એક ' સર્વધર્મ ઐક્ય સ્તંભ' નું નિર્માણ કરવાનું નક્કી થયું. સ્વામીની કલ્પના પ્રમાણે તેનો નકશો તૈયાર થયો અને બ્રિગેડિયર બોઝ પર આની જવાબદારી સોંપવામાં આવી. આ કામ માટે તેમની પાસે ફક્ત ૬૦ દિવસ હતા અને સ્વામીની અમર્યાદ કૃપા. આ કામ કોઈ પણ ઠેકેદાર (Contractor) અથવા મજૂરો વગર કેવળ ભક્તોએ કરવું એવી સ્વામીની ઇચ્છા હતી. તેથી કુશળ કારીગર વગર આ કામ કરવું આમ જોતાં અઘરું હતું, પરંતુ સ્વામીનો સંકલ્પ હોવાથી જ આ કામ શક્ય થયું.

કોંક્રિટિંગના કામની શરૂઆત સ્વામીના પવિત્ર કરકમળથી થઈ. સત્યસાઈ મધ્યવર્તી સંસ્થાના બધા પદના અધિકારીઓને આમાં સામેલ કરવામાં આવ્યા.  ત્યાર પછી સેવાદળના કાર્યકારી, મહાવિદ્યાલયના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને આમાં ભાગ લેવા મળ્યો અને અશક્ય લાગતું આ કામ સ્વામીની કૃપાથી સહેલું થયું.

આ કામ થતું હતું ત્યારે એક રાત્રે મુશળધાર વરસાદ શરૂ થયો. તેથી બ્રિગેડિયર બોઝ અસ્વસ્થ થયા કારણ કે વરસાદને લીધે બધું કામ એળે જવાનું હતું. સવાર થતા જ તે બાંધકામની જગ્યાએ ગયા

અને જોયું તો ત્યાં કામ થતું હતું તે જગ્યા છોડતા અન્ય બધી જગ્યાએ વરસાદ પડયો હતો! કેટલી આ નિસર્ગ પરની પરમેશ્વરની સત્તા!

આ સ્તંભના ઉદ્ઘાટન પ્રસંગે વેદ, ઝેદઅવેસ્તા, ત્રિપિટક, બાયબલ તેમજ કુરાન, જેવા પવિત્ર ગ્રંથોના સ્તોત્ર બાલવિકાસના વિદ્યાર્થીઓ બોલ્યા.

આ ૫૦ ફૂટ ની ઊંચાઈ પર કમળકૃતિ તેમજ પાંચ પાંખડી વાળા સ્તંભનું અનાવૃત્ત કરતી વખતે સ્વામીએ પાંચ પાંખડી એટલે પાંચ પ્રમુખ ધર્મ હોવાનું જણાવ્યું. તેઓ બોલ્યા-ઈશ્વરી સર્વભૂતાનામ્ સર્વ (સમસ્ત) વ્યક્તિ ઓમાં, સર્વ (સમસ્ત ) વસ્તુઓમાં  ઈશ્વરનો અંશ છે. આ સત્યનો જો સાક્ષાત્કાર થયો તો બધા મતભેદો દૂર થશે, આત્મબોધ જાગૃત થશે, દિવ્યત્વની દષ્ટિથી સર્વત્ર જોવામાં આવશે."

તે વખતે ભેગા થયેલા ભિન્ન ધર્મના ભક્તો ને ઉદ્દેશીને સ્વામી બોલ્યા - " અહીંયા વિવિધ જાતિ, પંથ, ધર્મ અને દેશના ભક્તો ભેગા થયા છે. તે બધા એક જ ધ્યેયથી પ્રેરિત છે. પ્રેમ માણસોના મન નજદીક લાવે છે. હૃદય વિશાળ કરે છે. સંતો ધર્મ એક જ શિખામણ આપે છે પ્રેમની, એટલા માટે જ બધાએ વ્યક્તિક મતભેદ, મત્સર, સ્વાર્થને સ્થાન ન આપતા આધ્યાત્મિક માર્ગ પર નિષ્ઠા અને ધૈર્ય (ધીરજ ) થી આગળ વધવું જોઈએ."

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||